વર્તમાન જ આપણા હાથની વાત છે, વર્તમાન વેડફી ન નાખશો
- બુધ્ધ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૭૪ | ૨૪ મે ૨૦૧૨, ગુરૂવાર, જયેષ્ઠ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦




મોંઘવારી કે મોંઘી સવારી - મોંઘવારી જે રીતે વધી રહી છે તેને લઈ મધ્યમ વર્ગની હાલાકીમાં અનહદ વધારો થવા પામ્યો છે. આજે કેન્દ્ર સરકારે પેટ્રોલના ભાવમાં રૂ. સાડા સાતનો વધારો કરવાનો નિર્ણય કરતાં દરેક વાહન ચાલકને માસિક રૂ. ૨૨૫ થી ૨૫૦ સુધીનું સરેરાશ ભારણ વધતાં વાહન માટેનું જ નહિ પણ ઘરનું ય બજેટ ખોરવાઈ જવા પામ્યું છે. આજે ગાંધીનગરમાં આ ભાવ વધારાને લઈ પેટ્રોલ પુરાવવા માટે વાહન ચાલકોએ લાઈન લગાવી દીધી હતી પણ સાથે સાથે તેઓ પ્રસિદ્ધ ફિલ્મની પંક્તિઓ ગણગણતા હતા હાય હાય યે મહેંગાઈ, માર ગઈ મુઝે યે મહેંગાઈ.... (તસવીર : દિપક જાની)

# સિવીલ હોસ્પિટલનું વિસ્તરણ કરાશે

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વિસ્તરણ માટે વધુ ૩૦ હજાર ચોમી જગ્યા માગવામાં આવી

## સિવીલમાં સુપર સ્પેશ્યાલિટી વિભાગો શરૂ કરવાના આયોજનની હાથ ધરાયેલી કવાયત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લાની સૌથી મોટી સિવીલ હોસ્પિટલના વિસ્તરણ માટે વધુ ૩૦ હજાર ચો.મી. જમીન ફાળવવાની માંગ આરોગ્ય વિભાગે રાજય સરકાર સમક્ષ કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં હાલ ૩૦૦ પથારીની સુવિધાઓ ઉપલબ્ધ છે તેમજ આગામી બે વર્ષમાં વધુ ૭૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ થાય તે રીતે હાલ કામગીરી ચાલી રહી છે. આમ ૧ હજાર પથારીની સુવિધા ધરાવતી તે રાજયની બીજી હોસ્પિટલ બનશે.

વિભાગે આ સુવિધાની સાથે સાથે હાલ અપાતી સેવાઓમાં વધારો કરી સુપર સ્પેશ્યાલીટી સેવાઓ જેવી કે નેફ્રોલોજી, કેન્સર, કાર્ડિયાક, યુરોલોજી, ન્યુરોલોજી શાખાઓ શરુ કરવાનું આયોજન છે. આ માટે ખાસ અલાયદા વોર્ડ પણ બનાવવામાં આવશે. ૨૦૧૫ સુધીમાં આ બધી જ સુવિધાઓ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ઉપલબ્ધ બની જાય તે રીતે આયોજન થઈ રહ્યું છે.

ગાંધીનગરમાં આ વર્ષે મેડીકલ કોલેજના આરંભની શકયતાઓની સાથે સાથે અહીં સિવીલ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલીટી બ્રાન્ચો પણ શરૂ થાય તેને ધ્યાને રાખી આરોગ્ય વિભાગે સિવીલની પાછળના ભાગમાં જ વધુ ૩૦ હજાર ચો.મી. જગ્યાની ફાળવણી કરવા રજુઆત કરી છે.

આ જમીન ફાળવણીની માંગ સાથે માર્ગ મકાન વિભાગ અને પાટનગર યોજના અધિકારીઓ સાથે એક સંયુકત બેઠક પણ તાજેતરમાં યોજાઈ ગઈ છે. ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં હાલ ૩૦૦ પથારીની સુવિધા છે અને આગામી દિવસોમાં વધુ ૭૦૦ જેટલી પથારીની સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

ગાંધીનગરમાં મેડિકલ કોલેજ પૂર્ણતઃ કાર્યરત થાય તે પછી પી.જી.નો અભ્યાસક્રમ પણ અહીં શરૂ કરી શકાય તે હેતુને ધ્યાને રાખી આ સુપર સ્પેશ્યાલીટી બ્રાન્ચો શરૂ કરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં સિવીલ હોસ્પિટલની

● અનુસંધાન પાન-૭ પર

## સુઝુકી ટુ-વ્હીલર્સ દ્વારા હયાત મોટરસાયકલની રજૂઆત



**હયાત વેલ્યુપેક્ડ બાઈક**

સુઝુકી એ ભારતમાં પ્રથમ વખત સલમાનખાનને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઘોષિત કર્યા.

સુઝુકી મોટર સાયકલ ઈન્ડિયા પ્રા. લી. (એસ.એમ.આઈ.પી.એલ.) એ વિસ્વની અગ્રણી ટુ-વ્હીલર ઉત્પાદક સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાનની પેટા કંપની છે. જેણે આજે જેની નવી પ્રોડકટ અને માસ સેગમેન્ટ મોટર સાયકલ હયાતની રજૂઆત કરી છે.

સુઝુકી મોટર સાયકલ ઈ.પ્રા.લી. દ્વારા બોલીવુડ સ્ટાર સલામાન ખાનને ભારતમાં પોતાના પ્રથમ વખત બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે. દબંગ સ્ટાર અને લાખો - કરોડો ચાહકો ધરાવતા આ સ્ટાર દ્વારા સુઝુકી હયાત મોટર સાયકલને લાખો લોકો સુધી પ્રમોટ કરવામાં આવશે.

હયાત મોટર સાયકલની રજૂઆત વખતે સુઝુકી મોટર સાયકલ ઈન્ડીયા પ્રા. લી.ના વાઈસ પ્રેસીડન્ટ (સેલ્સ એન્ડ માર્કેટીંગ) શ્રી અતુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘‘૧૦૦-૧૧૦ સી.સી. મોટર સાઈકલ સેગમેન્ટ એક પ્રોમીસીંગ માર્કેટ છે’’ હયાતની એન્ટ્રી સાથે અમે નવી તકો વિસ્તારવા માગીએ છીએ, ટુ-વ્હીલર સેગમેન્ટમાં વિશાળ માર્કેટ શેર પ્રાપ્ત કરવા માગીએ છીએ, હયાતની રજૂઆત નાના શહેરોના બજારોમાં વિકસતાં માર્કેટમાં અને રૂરલ એરીયામાં વધુ તકો અપાવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, અમને આનંદ છે કે, અમારી સાથે સલામાન ખાન છે અને તેઓ વિશ્વની સૌથી લોકપ્રિય ટુ-વ્હીલર બ્રાન્ડ સાથે જોડાયા છે.

**હયાત સ્ટાઈલ સાથે**

હયાત એક જાપાનીઝ શબ્દ છે, જેનો અર્થ ‘‘સ્વચ્છ શ્વાસ’’ અથવા ‘‘ઝડપી પવન’’ એવો થાય છે. લોકોને આરામદાયક સવારી અને રોજબરોજની સફરમાં અનુકુળતા રહે એ વિચાર સાથે તેને તૈયાર કરવામાં આવેલ છે. હયાત એક વેલ્યુપેક્ટ પ્રોડક્ટ છે.

૪-સ્ટ્રોક, એર કુલ્ડ, ૧૧૨ સી.સી. એન્જિન તેમાં ૮-લીટરની પેટ્રોલ ટાંકી સાથે સારામાં સારી માઈલેજ અને સારો દેખાવ, એલોય વ્હીલ્સ, ડ્રમ બ્રેક્સ, એકદમ પ્રકાશિત હેડ લાઈટ્સ, ન્યુએજ ફેન્ડર, સ્ટાઈલીશ રીયલ લાઈટ્સ, હયાતને એક સ્લીક અને સમકાલીન લૂક આપે છે. જેની એક્ષ-શૉરૂમ રૂ. ૪૧૭૦૫/- સેલ્ફ સ્ટાર્ટ સાથે છે.

હયાત મોટર સાયકલ પાંચ રંગોમાં જેમ કે, પર્લ મિરાજ વ્હાઈટ, મેટાલીક ગ્રીન, પર્લ મિરા રેડ, મેટાલિક ગ્રે અને જીએલ સ્પાર્કલ બ્લેક સાથે ઉપલબ્ધ છે.

## ગાંધીનગર-અમદાવાદના તમામ પેટ્રોલ પંપો પર વાહનોની લાઈનો

### લીટરે રૂપિયા ૭.૫૦નો ફાયદો થતો હોવાથી વાહન ચાલકોએ પેટ્રોલની ટાંકી ફુલ કરાવી : સામાન્ય લોકો પર જંગી બોજ

ગાંધીનગર, તા.૨૩

ડોલરના ભાવ વધતા અને રૂપિયો ગગડી જતાં કેન્દ્ર સરકાર હસ્તકની ઓઈલ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં પ્રતિલિટર રૂપિયા ૭.૫૦નો અસહ્ય વધારો કરતાં જ અને ભાવ વધારાનો હોય તે પહેલા વાહનચાલકોએ જૂના ભાવે મળતુ પેટ્રોલ પુરાવી લેવા માટે પેટ્રોલ પંપો પર લાઈનો લાગી હતી.

ગાંધીનગર તથા અમદાવાદ શહેરના વાહન-ચાલકોને પેટ્રોલના ભાવમાં તોતીંગ વધારો થયાની સાંજે જ જાણ થતાં જ પોતાના વાહનની ટાંકી ફુલ કરાવી લેવા માટે પેટ્રોલ પંપો પર દોડીગયા હતા. શહેરના તમામ પેટ્રોલ પંપો પર સ્કુટર-મોટરસાયકલ અને કારોની લાઈનો લાગી ગઈ હતી. અને શહેરીજનો પોતાના વાહનની ટાંકી ફુલ કરાવવા માટે અધીરા બન્યા હતા. જ્યારે કેટલાક પેટ્રોલ પંપો પર નોસ્ટોકના પાટિયા લાગેલા પણ જોવા મળ્યા હતા. અમદાવાદમાં પ્રતિ લીટર પેટ્રોલનો ભાવ રુપિયા ૬૯.૯૨ હતો જે વધીને રૂપિયા ૭૮ થવાનો હોવાથી વાહનચાલકો જૂના ભાવે પેટ્રોલ પૂરાવે તો પ્રતિલીટર રૂપિયા ૮નો ફાયદો થતો હતો. દ્વીચક્રી વાહનચાલકો પાંચ લીટર જૂના ભાવે પૂરાવી લે તો રૂપિયા ૪૦નો ફાયદો થાય એટલે વાહનચાલકોએ જૂનાભાવે પેટ્રોલ પુરાવવા લાઈનો લગાવી દીધી હતી. ઘણાબધા પેટ્રોલ પંપો પર બે-ત્રણ કલાકની પ્રતિક્ષા બાદ પેટ્રોલ પૂરાવવાનો વારો આવતો હતો.

**નર્સીંગ હોમ માટે જોઈએ છે ફીજીશીઅન**

સેક્ટર-૧૭મા શોપીંગમાં મેડીકેર નર્સીંગ હૉમમાં આસીસ્ટન્ટ ડૉક્ટર M.D. (Medicine) કે M.B.B.S.ની જરૂર છે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ સવારે ૧૧ થી ૧૨ સંપર્ક કરવો.

મો. : ૯૮૨૫૦ ૪૭૧૦૪

ડો. હરેશ વી. ઠેકડી

**હાર્દિક અભિનંદન**



**કરણસિંહ બી. વાઘેલા**

મેમ્બર, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત - ૨૦૧૨ની ચૂંટણીમાં આપ જંગી બહુમતીથી બીજા નંબરે વિજેતા થયા તે બદલ આપના ખૂબ ખૂબ અભિનંગન અને શુભેચ્છા પાઠવીએ છીએ....

શંકરસિંહ એસ. ગોહિલ (એડવોકેટ)
(સેન્ટ્રલ ગવર્નમેન્ટ કાઉન્સેલ - ભારત સરકાર)
આનંદીબા શંકરસિંહ ગોહિલ
(સરપંચશ્રી, રાંદેસણ)
પ્રવિણસિંહ શંકરસિંહ (એડવોકેટ)
વેલ્ફેર મેમ્બર, ગુજરાત યુનિવર્સિટી
વૈશાલીબા મયુરધ્વજસિંહ વાઘેલા (યુ.કે.)
અજીતસિંહ અર્જુનસિંહ ગોહિલ
(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર બાર એસોસીએશન)
લાલસિંહ ગોહિલ
(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર બાર એસોસીએશન)

વિજયસિંહ કે. ગોહિલ (એડવોકેટ)
ભૂપેન્દ્રસિંહજે. ગોહિલ (એડવોકેટ)
પોપટસિંહ જે. ગોહિલ (એડવોકેટ)
ગીરીશસિંહ જે. ગોહિલ (એડવોકેટ)
રાજેન્દ્રસિંહ જે. ગોહિલ (એડવોકેટ)
કરણસિંહ આર. ગોહિલ (એડવોકેટ)
દિલીપસિંહ સી. ગોહિલ (એડવોકેટ)
કેતનસિંહ બી. વાઘેલા
ભૂપેન્દ્રસિંહ એમ. ગોહિલ

**દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**



**ધર્મેશ (રાજુ)**

સ્વર્ગવાસ તા. ૨૪-૫-૨૦૧૦

સૂર્યનું સમિસાંજે અસ્ત થઈ જવું તે કુદરતનો ક્રમ છે, પરંતુ સૂર્યનું મધ્યાહને અસ્ત થવું તે વિધાતાની વક્રતા છે. જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત - તે સનાતન સત્ય હોવા છતાં કેટલાક મૃત્યુ એવા હોય છે કે, જેના ઘાવ કદી રૂઝાતા નથી. જીંદગીના મધ્યાહને તમારી કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય કાળજુ કંપાવી ગઈ. તમારો અતિ લાગણીશીલ સ્વભાવ કુટુંબ માટેની પ્રેમભાવના, માયાળુ સ્વભાવ કાયમી યાદ આવશે.

દ્વિતીય પુણ્યતિથિએ પ્રભુ આપના દિવ્ય આત્માને ચીરઃશાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના...

લિ.

શારદાબેન દેવેન્દ્ર ડુંગાણી
પ્રેરણા આનંદ શાહ
અલકા પંકજકુમાર શાહ
મીલી નરેશકુમાર શાહ
મેહ આનંદ શાહ
દેવેન્દ્ર હંસરાજભાઈ ડુંગાણી
આનંદ દેવેન્દ્ર શાહ
પંકજકુમાર કે. શાહ
નરેશકુમાર એ. શાહ

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે જાહેરાતનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧